# Prosperity

શ્રી માતાજીની

સિદ્ધિ-રિદ્ધિ

**2025**

**NOVEMBER**

૧ નવેમ્બર, ૨૦૨૫

## We are of one family...

**આપણે એક પરિવાર છીએ ...**

We have all met in previous lives. Otherwise we would not have come together in this life. We are of one family and have worked through ages for the victory of the Divine and its manifestation upon earth.

**– The Mother**

[CWM-VOL 3 – P.3

આપણે સૌ આગલા જીવનોમાં મળેલાં છીએ. તે સિવાય આપણે સૌ આ જન્મમાં નિકટ આવ્યાં ન હોત. આપણે એક પરિવારના છીએ, અને આપણે સૌએ પરમ પ્રભુના વિજયને માટે અને પૃથ્વી ઉપર તેના અવિર્ભાવ માટે યુગો પર્યંત સાથે કાર્ય કરેલું છે.

– શ્રી માતાજી

## Victory over falsehood

The lords of Falsehood hold, at present, almost complete sway over poor humanity. Not only the lower life-energy, the lower vital being, but also the whole mind of man accepts them….The result is that men cling to their falsehood as if it were a treasure,…

Indeed the very act of bringing it out and showing it to the Light would be in itself a momentous conversion and pave the way to the final Victory. For the laying bare of each falsehood is in itself a victory – each acknowledgement of error is the demolition of one of the lords of Darkness.

CWM-3/141 **– The Mother**

## જૂઠાણાં ઉપર વિજય

વર્તમાન સમયમાં જૂઠાણાંના અધિપતિઓએ બિચારી માનવજાત ઉપર લગભગ સંપૂર્ણ પકડ જમાવી દીધેલી છે. માત્ર નિમ્ન જીવન કે નિમ્ન પ્રાણમય સત્ત્વો જ નહિ પરંતુ માનવજાતનું સંપૂર્ણ મન તેમને સ્વીકારે છે... અને પરિણામે માનવજાત જૂઠાણાંને જાણે તે ખજાનો હોય તે રીતે વળગી રહી છે.

ખરેજ! જૂઠાણાંને પ્રગટ કરવાં અને તેમને પ્રકાશમાં લાવવાં એ પોતે એક મહત્વનું પરિવર્તન બની રહે છે, અને અંતિમ વિજય માટે માર્ગ તૈયાર કરે છે. કારણકે દરેક જૂઠાણાંને ખૂલ્લું કરવું તે પોતે જ એક વિજય છે – દરેક ભૂલનો સ્વીકાર અંધકારના અધિપતિઓમાંના એક ને ધરાશાયી કરે છે.

CWM-VOL-3/173 ઉપરથી **– શ્રી માતાજી**

**©SRI AUROBINDO ASHRAM TRUST, PONDICHERRY.**

**FROM: SRI AUROBINDO KENDRA,**
**MATRUBHAVAN 87, SWASTIK SOCIETY, AHMEDABAD-9**
**https://themothersprosperity.org**

## Overmind

Above the mind there are several levels of conscious being, among which the really divine world is what Sri Aurobindo has called the Supermind, the world of the Truth. But in between is what he has distinguished as the Overmind, the world of the cosmic Gods. Now it is this Overmind that has up to the present governed our world: it is the highest that man has been able to attain in illumined consciousness. It has been taken for the Supreme Divine and all those who have reached it have never for a moment doubted that they have touched the true Spirit. For, its splendours are so great to the ordinary human consciousness that it is absolutely dazzled into believing that here at last is the crowning reality. And yet the fact is that the Overmind is far below the true Divine. It is not the authentic home of the Truth. It is only the domain of the *formateurs,* all those creative powers and deities to whom men have bowed down since the beginning of history. And the reason why the true Divine has not manifested and transformed the earth-nature is precisely that the Overmind has been mistaken for the Supermind. The cosmic Gods do not wholly live in the Truth-Consciousness: they are only in touch with it and represent, each of them, an aspect of its glories.

CWM-VOL-3/173

**– The Mother**

## અધિમનસ

મનથી ઊર્ધ્વમાં સચેતન દેવોની કેટલીક ભૂમિકાઓ આવેલી છે; જેમાંની યથાર્થ દિવ્ય-સૃષ્ટિ તે છે, જેને શ્રી અરવિન્દે અતિમનસ, સત્યલોક, એવું નામ આપેલું છે. પરંતુ વચગાળાની સૃષ્ટિને શ્રી અરવિન્દ અધિમનસ, વૈશ્વિક દેવોની સૃષ્ટિ, તરીકે ઓળખાવે છે. હવે આ અધિમનસ એટલે કે વૈશ્વિક દેવોએ જ અત્યાર સુધી સૃષ્ટિનું સંચાલન કરેલું છે: માનવ જેને પ્રાપ્ત કરી શક્યો છે તે જ્યોતિર્મય ચેતનાની આ સર્વોચ્ચ ભૂમિકા છે. અત્યાર સુધી આ સૃષ્ટિને જ પરમોચ્ચ દિવ્ય સૃષ્ટિ માનવામાં આવતી હતી. આ સૃષ્ટિમાં પહોંચેલા કોઈ પણ યોગીને તેઓ પરમોચ્ચ પ્રભુને સ્પર્શ્યા છે તે વિષે ક્યારેય લેશ પણ શંકા ન હતી, કારણ કે તેની પરમ તેજોમયતા સામાન્ય માનવ ચેતના માટે એટલી અસહ્ય છે કે તેની ભભકતી ભવ્યતાથી અંજાઈ ગયેલી તેની દૃષ્ટિને લાગે છે કે છેવટે આ જ સર્વોચ્ચ ઈશ્વર છે. અને છતાં હકીકત એ છે કે અધિમનસની ભૂમિકા એ પરમ સત્યની ભૂમિકાથી ઘણી નીચે આવેલી છે. તે વાસ્તવિક સત્યનું ધામ નથી. તે માત્ર વૈશ્વિક સૃષ્ટિનાં સ્વરૂપો નિર્માણ કરનાર દેવોની સૃષ્ટિ છે, જેને માનવો આદિકાળથી પૂજતા આવ્યા છે. અને પરમ પ્રભુ સ્વયં અહીં શા માટે અવિર્ભાવ નથી પામ્યા અને શા માટે પાર્થિવ પ્રકૃતિનું રૂપાંતર સાધી શક્યા નથી તેનું ચોક્કસ કારણ એ છે કે અધિમનસને જ અતિમનસ સમજવામાં આવી રહ્યું છે. વૈશ્વિક દેવો સમગ્રપણે ઋતચેતનામાં નિવાસ કરતા નથી, તેઓ માત્ર તેના સંપર્કમાં રહે છે અને દરેક દેવ તેના દેવત્વની આગવી લાક્ષણિકતાનું પ્રતિનિધિત્વ કરે છે.

CWM-VOL-3/173

**– શ્રી માતાજી**